ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ગાંધીનગરમાં વીસ રૂપિયાના ગુલાબથી માંડી પાંચ હજારના ડેકોરેટીવ બુકેનું ધુમ વેચાણ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરાઓએ આજે વેલેન્ટાઈન્સ ડેની ખુબ ઉલ્લાસભેર ઉજવણી કરી હતી. મોંઘા ડેકોરેટીવ ગુલદસ્તા (બુકે) ખરીદવામાં પણ ગાંધીનગરાઓ પાછળ પડયા ન હતા. ૫૦૦૦ રૂ.ના મોંઘા બુકેના ઓર્ડર આપી પ્રિયપાત્રને 'આઈ લવ યુ' કહેનારા યુવાનોએ આજના દિવસને યાદગાર બનાવી દીધો હતો.

પ્રેમના પ્રતિક એવા 'લાલ ગુલાબ'ની બોલબાલા વેલેન્ટાઈન્સ-ડેના દિવસે તો હોય જ ને. આજના દિવસે રેડ રોઝની માંગ ખુબ વધી જતી હોવાથી સ્વાભાવિક રીતે જ તેના ભાવ ઉંચકાય છે. ઓર્ચીડ ફલોરીસ્ટના છે તે અંગે પ્રતિક્રિયા આપતા ખાલીદભાઈ કહે છે કે વેલેન્ટાઈન્સ ડે ની ઉજવણી સમગ્ર વિશ્વમાં થાય છે આથી ગુલાબ સહિતના ફુલોની માંગમાં જબરજસ્ત ઉછાળો આવ્યો છે. વળી આ જ સમયગાળા દરમિયાન લગ્નો ખુબ થતા હોવાથી ડેકોરેશન માટે ફુલોની માંગ વધે છે. ફુલોની માંગનો ફાયદો લેવા ઉત્પાદકો વેલેન્ટાઈન્સ ડે ના એક અઠવાડિયા પહેલાંથી નિકાસ બંધ કરી ફુલોના કોલ્ડ સ્ટોરેજમાં સંગ્રહ કરવા માંડે છે. એકાદ-બે દિવસ પહેલાં જ ઓર્ડર લઈ વધુ કિંમત મેળવે છે. ઉત્પાદકો પાસેથી જ ફુલો મોંઘા મળે છે. સામાન્ય દિવસોમાં ગુલાબનું એક ફુલ ૫ થી ૬ રૂ.માં



(તસવીર : દિપક જાની)

ખાલીદભાઈ કહે છે કે આજ સવારથી જ ગુલાબ અને તેના ડેકોરેટીવ બુકે ખરીદવા માટે શહેરીજનોએ ભીડ જમાવી હતી. યુવાનોની સંખ્યા સવિશેષ રહી હતી. ૨૦ રૂપિયાના ગુલાબથી માંડીને પાંચ સાત હજારના ગુલાબના બુકે ખુબ વેચાયા હતા. કેટલાક યુવાનોએ તો ખાસ ડીઝાઈન પસંદ કરી અગાઉથી ઓર્ડર બુક કરાવી ગીફટ, ચોકલેટની સાથે બુકે આપી પ્રિય પાત્ર સમક્ષ પ્રેમનો એકરાર કર્યો હતો.યુવાનો ઉપરાંત મોટી ઉંમરના ઘણા વસાહતીઓએ ફુલ અને બુકે ખરીદવામાં રસ દાખવ્યો હતો. સાત-આઠ લાલ ગુલાબથી બનેલા બુકેનું સૌથી વધુ વેચાણ થયું હતું.



આજે ગુલાબ સહિતના અન્ય ફુલોના ભાવો વધ્યા મળી રહે છે તે જ ફુલ વેલેન્ટાઈન્સ ડેના દિવસે ૧૨ થી ૧૫ રૂ.માં મળે છે. આથી સ્વાભાવિક રીતે જ ભાવ વધુ રહે છે. આજના દિવસે બનાવાતા ખાસ બુકેમાં જુદા જુદા પ્રકાર અને કલરના ગુલાબોનો ઉપયોગ થાય છે. સાથે જ જરબેરા, ઓર્કીડ, ડહેલીયા, લીલીયમ જેવા ફુલોનો ઉપયોગ થાય છે. લીલીયમના એક ગુચ્છાની કિંમત ૧૫૦ રૂ. જેટલી હોવાથી તેનો જે બુકેમાં ઉપયોગ થાય તે બુકેની કિંમત વધુ હોય છે. ફેસ્ટીવલ ઓફ લવ તરીકે ઉજવાતા વેલેન્ટાઈન્સ ડેના દિવસે હોમ ડિલીવરીની સંખ્યા વધી જતી હોવાથી તેનું અમારે ખાસ આયોજન કરવું પડે છે. પ્રેમનો સંદેશો સમયસર ખુબસુરત અંદાજમાં પ્રિયપાત્રને પહોંચે તે જ અમારો મુખ્ય ઉદ્દેશ્ય છે.

# ગુજકેટની પરીક્ષા ૯ મે ના રોજ યોજાશે

## સુપ્રિમના આદેશ વિના પરિણામ જાહેર થશે નહિ : મેડીકલ અને બી.ડી.એસ.માં નીટની પરીક્ષાના આધારે પ્રવેશ આપવા નિર્ણય લેવાશે તો કાર્યવાહી હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહના ગૃપ-એ-બી અને ગૃપ-બીના વિદ્યાર્થીઓ માટે આગામી તા. ૯ મે ના રોજ જિલ્લા કક્ષાના કેન્દ્રો ખાતે ગુજકેટની પરીક્ષા યોજવામાં આવશે. પરંતુ સુપ્રિમ કોર્ટનો હૂકમ ન થાય ત્યાં સુધી પરીક્ષાનું પરિણામ જાહેર થશે નહીં. આ તબક્કે મેડીકલ અને બી.ડી.એસ. જેવા અભ્યાસક્રમ માટે વિદ્યાર્થીઓને નેશનલ એલીજીબીલીટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ (નીટ)ના આધારે પ્રવેશ આપવાનો નિર્ણય લેવાશે તો તે મુજબ કાર્યવાહી હાથ ધરાશે. જયારે ફીઝીયોથેરાપી આયુર્વેદ, હોમિયોપથી, નર્સિંગ તેમજ ઓપ્ટોમેટ્રીના અભ્યાસ માટે પ્રવેશ બોર્ડ દ્વારા લેવાનાર પરીક્ષાના ગુણ તેમજ ગુજકેટના સ્કોરના આધારે એડમીશન આપવામાં આવશે.

મેડીકલ કાઉન્સિલ ઓફ ઈન્ડીયાએ એમ.બી.બી.એસ.માં તેમજ ડેન્ટલ કાઉન્સલે બી.ડી.એસ.ના અભ્યાસમાં પ્રવેશ માટે નીટની પરીક્ષા મારફતે પ્રવેશ આપવાનો નિર્ણય લીધો છે. જયારે આ નિર્ણય સામે રાજયના વિદ્યાર્થીઓ અને વાલીઓ સહિત સેલ્ફ ફાયનાન્સ કોલેજો દ્વારા સુપ્રિમ કોર્ટમાં રીટપીટીશન દાખલ કરવામાં આવી છે. આ તબક્કે નીટની પરીક્ષા યોજવાના મુદ્દે સુપ્રીમકોર્ટે કોઈ મનાઈ ફરમાવી નથી. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના અધ્યક્ષે આ અંગે જણાવ્યા અનુસાર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના નિર્ણય મુજબ બોર્ડ દ્વારા ચાલુ વર્ષે વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે ગુજકેટની પરીક્ષા લેવાશે. જિલ્લાકક્ષાના કેન્દ્રો ખાતે તા. ૯મેના રોજ ૧૧ થી ૨ કલાક દરમિયાન ગુજકેટની પરીક્ષા યોજવામાં આવશે. પરંતુ સુપ્રિમ કોર્ટનો આદેશ ન થાય ત્યાં સુધી આ પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં નહી આવે. જયારે એમ.બી.બી.એસ. અને બી.ડી.એસ.ના વિદ્યાર્થીઓને નીટની પરીક્ષાના આધારે પ્રવેશ આપવા સંદર્ભે નિર્ણય લેવાશે તો પ્રાપ્ત કરેલા સ્કોરના આધારે પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાશે. જયારે આ સિવાય ફીઝીયોથેરાપી આયુર્વેદ, હોમિયોપેથી, નર્સિંગ અને ઓપ્ટોમેટ્રીના અભ્યાસક્રમમાં અગાઉની માફક બોર્ડ દ્વારા લેવાનારી પરીક્ષાના માર્ક તેમજ ગુજકેટના સ્કોરના આધારે પ્રવેશ આપવામાં આવશે. ધો. ૧૨ના ત્રીજા અને ચોથા સેમેસ્ટરના અભ્યાસક્રમ આધારિત ગુજકેટની પરીક્ષા માટેનો અભ્યાસક્રમ ટુંકમાં જાહેર કરાશે. ગુજકેટ માટે ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાનના ત્રણેય વિષયો માટે કુલ ૧૨૦ પ્રશ્નો પુછાશે. ઓ.એમ.આર. પદ્ધતિ મુજબ લેવાનારી પરીક્ષા માટે ત્રણ કલાકનો સમય આપામાં આવશે.

# ગ્રાન્ટના અભાવે સેક્ટરોના આંતરિક માર્ગોનું કામ અધુરૂ

## સે. ૪ અને ૫માં માર્ગ સુધારણાનું કામ હાથ ધરાયું નથી

ગાંધીનગર, તા. ૧૪

શહેરના નવા સેક્ટરોમાં માર્ગ નવિનીકરણની કામગીરી અટવાઈ છે. સે. ૧ થી ૫ માં આંતરિક માર્ગોની સુધારણા અન્વયે સે. ૪ અને ૫માં હજુ કામ બાકી છે. ૧૩માં નાણાપંચની ગ્રાન્ટના અભાવે માર્ગ નવીનીકરણનું કામ વિલંબમાં પડ્યું હોવાનું ધ્યાને આવ્યું છે.

શહેરના નવા સેક્ટરોમાં આંતરિક માર્ગોને ચકાચક બનાવવા ગત દિવાળી બાદ કામ હાથ ધરવામાં આવ્યું હતું. સે. ૧ થી ૫ માં ચાર વર્ષથી વધુ લાંબા સમયગાળાના અંતે આંતરિક માર્ગો ઉપડ-ખાબડ બનતા સેક્ટરોના આંતરિક માર્ગોની હાલત સુધારવા આયોજન કરવામાં આવ્યું છે. સે. ૧ થી ૫ આંતરિક રસ્તાઓને ચકાચક બનાવવા અંદાજિત રૂ. ૮ કરોડનો ખર્ચ નિયત કરવામાં આવ્યો છે. સેક્ટરોમાં માર્ગ નવીનીકરણની આ કામગીરી અન્વયે સે. ૧ થી ૩માં આંતરિક માર્ગોની સુધારણાનું કામ પૂર્ણ કરી દેવાયુ છે. જ્યારે સે. ૪-એમાં પણ માર્ગોનું નવીનીકરણ કરી દેવાયું છે. બીજી તરફ સે. ૪-એ સિવાયના વિસ્તાર ઉપરાંત સે. ૫ માં રસ્તાનું કામ હજી બાકી છે. ૧૩ માં નાણાંપંચની ગ્રાન્ટના અભાવે કામ અટવાયુ હોવાનું ધ્યાને આવ્યું છે. સે. ૪ અને ૫ માં માર્ગ સુધારણાનું કામ અધુરૂ રહેતા સ્થાનિક રહીશોમાં પણ આક્રોશ પ્રવર્ત્યો છે. બીજીતરફ હોળી પૂર્વે સેક્ટરોના આંતરિક માર્ગોનું કામ પૂર્ણ કરી દેવાશે તેમ પણ સૂત્રોએ જણાવ્યું છે.

# ગાંધીનગરમાં ૧૬મીએ સાંસદોની મહત્વની બેઠક

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાતના સાંસદોની ૧૬મીને શનિવારના રોજ મળનારી બેઠકમાં કેન્દ્રમાં પડતર ગુજરાતના પ્રશ્નો અંગે વિગતવાર જાણકારી સાંસદોને આપવામાં આવશે.

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં શનિવારને ૧૬મીના રોજ ગાંધીનગર ખાતે મળનારી છે. આ બેઠકમાં રાજ્ય મંત્રીમંડળના મંત્રીઓ અને ગુજરાતના લોકસભા રાજ્યસભાના સાંસદો ઉપસ્થિત રહેશે.

લોકસભાનું સત્ર ૨૦મીથી શરૂ થઈ રહ્યું છે ત્યારે સંસદમાં ગુજરાતને સ્પર્શતા પ્રશ્નો જે કેટલાક લાંબા સમયથી કેન્દ્રમાં પડતર છે. તે અંગે ગુજરાતના સાંસદો અસરકારક રજુઆત કરી શકે તે માટે સાંસદોને પ્રશ્નોથી અવગત કરવા માટે આ બેઠક બોલાવવામાં આવી છે.

રાજ્ય સરકારના વિવિધ વિભાગોને સ્પર્શતા ગુજરાતમાં કેન્દ્રમાં પડતર પ્રશ્નો ક્યારથી પડતર છે. રાજ્ય સરકાર દ્વારા કયા કયા કક્ષાએથી કેટલી વખત રજુઆત કરવામાં આવી કેન્દ્ર સરકારે શું પ્રત્યુત્તર આપ્યો એ સહીતની વિગતો દર્શાવતી એક પુસ્તિકા રાજ્ય સરકાર દ્વારા તૈયાર કરવામાં આવી છે અને આ પુસ્તીકાઓ સાંસદોને પણ આ બેઠકમાં આપવામાં આવશે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કેન્દ્રમાં ગુજરાતને સ્પર્શતા અંદાજે ૭૦ થી વધુ પ્રશ્નો છે જે પૈકી કેટલાક પ્રશ્નો દસ વર્ષ કરતાં પણ વધુ સમયથી પડતર છે. આ ઉપરાંત કેટલાક પ્રશ્નો એ હતાં કે જેનો કોઈજ ઉકેલ ન આવતા કેટલાક પ્રશ્નો પડતર પ્રશ્નોની યાદીમાંથી દૂર કરવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ વખતે કેટલાક પડતર પ્રશ્નો પડતર પ્રશ્નોની યાદીમાંથી દૂર કરવામાં આવ્યા છે. તો તે કયા કારણોસર દૂર કરવામાં આવ્યા છે તે અંગેની વિગતોથી પણ સાંસદોને માહિતગાર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.



કડી કેમ્પસમાં એસ.કે. પટેલ ઈન્સ્ટીટ્યુટના વિદ્યાર્થીઓ દ્વારા એઈડ્સ સામે જનજાગૃતિ અને સેફટી અવેરનેસ માટે વૈવિધ્યપૂર્ણ ફોર્મેશન રચી સમાજને એક અલગ રીતે સંદેશો આપવાનો પ્રસંશનીય પ્રયાસ કર્યો હતો...

# આવાસોમાંથી પેટા ભાડુઆતોને દૂર કરવા તંત્ર તપાસ હાથ ધરશે

## પેટાભાડુઆતોના કિસ્સામાં મૂળ લાભાર્થી પાસેથી માર્કેટ દર મુજબ ભાડુ વસુલવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૪

શહેરની સરકારી આવાસોમાં રહેતા પેટાભાડુઆતો અંગે તપાસ હાથ ધરવામાં આવશે. મૂળલાભાર્થી દ્વારા પેટાભાડુઆતોને મકાન અપાયું હશે તેવા કિસ્સામાં તંત્ર માર્કેટ દર મુજબ ભાડાની વસુલાત કરશે.

શહેરમાં સ્થિત વિવિધ કેટેગરીના સરકારી આવાસની ફાળવણી બાદ આવાસનો ઉપયોગ ફળાયેલા હેતુ મુજબ ન થતો હોવાના પણ અનેક કિસ્સાઓ ધ્યાને આવ્યા છે. અગાઉ આવાસના ઉપયોગમાં હેતુફેર થાય છે કે કેમ તે અંગે પણ તંત્ર દ્વારા સર્વે હાથ ધરાયો હતો. જેના અંતે હેતુફેરના કિસ્સામાં નોટીસ આપી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. તંત્ર દ્વારા એકબાજુ શહેરના સરકારી આવાસોની સ્થિતિ ચકાસવા સર્વેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જેના અંતે કંગાળ આવાસોનો અગ્રતા ક્રમ નક્કી કરી મજબૂતીકરણ હેઠળ આવરી લેવા આયોજન કરવામાં આવ્યુ છે. ત્યારે આવાસ ફાળવણી બાદ આવાસના ઉપયોગનો હેતુ ન જળવાતો હોવાનો સૂર ઉઠતા તંત્ર દ્વારા આ મામલે તપાસ હાથ ધરવામાં આવનાર છે. અગાઉ પણ સેક્ટરોના આવાસમાં પેટાભાડુઆતોનો અડ્ડો હોવાનું ધ્યાને આવ્યું હતું. જેની સામે તંત્ર દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. શહેરના સરકારી આવાસમાં પેટાભાડુઆતોનો કબજો હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. ત્યારે તંત્ર દ્વારા આ મામલે ખાસ તપાસ હાથ ધરવામાં આવશે. આ દરમિયાન મૂળ લાભાર્થી દ્વારા પેટાભાડુઆતોને આવાસનો કબજો સોંપવામાં આવ્યો હશે તેવા કિસ્સામાં માર્કેટ દર મુજબ તગડુ ભાડુ વસુલવામાં આવશે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES
CEAT

Govt. of Delhi Regd. No. 3809(India) www.bhsedelhiboard.org / com
Board of Higher Secondary Education, Delhi
Regd. Office : Shivkunj Nagar, Burari, Delhi-110084
For Information of Central / Contact / Information Office
Sai Kripa Bhawan 8/41, Gawan 202527 (Badaun) U.P.
Regional Office : Chibila Bazar, Madhoganj, Pratapgarh(U.P.)
10वीं फेल व 12वी फेल छात्र निराश न हों
8वीं पास -10वीं करें और 10वीं पास-12वीं करें। प्राईवेट स्कूल व कोचिंग सेंटर मान्यता प्राप्त बोर्ड से पत्राचार कोर्स दसवीं व बारहवीं पास करके अपना भविष्य बना सकते हैं।
प्रशिक्षण माध्यम हिन्दी – अंग्रेजी, उर्दू, मराठी, पंजाबी, बंगाली, संथाली
मान्यता : दिल्ली, मध्यप्रदेश, बिहार, मिजोरम, जम्मू, कलकत्ता, हिमाचल, उत्तर प्रदेश, राजस्थान, उड़ीसा, सिक्किम आदि
दसवीं व 12वीं पत्राचार कोर्स अवधि : छः महिने (माध्यम सभी भाषाओं में)
आप अपने जिले में हमारे बोर्ड का शिक्षा केन्द्र भी खोल सकते हैं जिसका शुल्क 15000/- रूपये हैं।
Central Office : Chandra Park,
(Opp. NSIT) Dwarka Mod Highway, New Delhi-59
Help Lines : 08505813851, 09560923062
E-mail : waradc@yahoo.com
तुरन्त पूरी जानकारी पाने हेतु अपना ईमेल आईडी. हमारे मोबाईल या मेल पर भेजें।

LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૮૭૧૧૫.
મો ૯૭૧૪૧૯૮૩૬૬




TMT BARS - ISI
TATA
STEEL • PIPES • SHEETS
BENELAVE
ashirvad
C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383/82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com